જીવન કમલ

- એક અનોખી કાવ્યસફર



Dr. Bansari Modha

VISIT…

LANZAROTE Caliente.com

જીવન કમલ

- એક અનોખી કાવ્યસફર



Dr. Bansari Modha

જીવન કમલ

એક અનોખી કાવ્ય સફર

Dr. Bansari Modha

Bhargav Modha

આ પુસ્તકમાં પ્રસ્તુત કરેલ પાત્રો અને ઘટનાઓ કાલ્પનિક છે. જીવીત કે મૃત, વાસ્તવિક વ્યક્તિ સાથે તેની કોઈપણ સમાનતા એ માત્ર સંયોગ છે અને લેખક દ્વારા કંઈ ઈરાદાપૂર્વક કરેલું નથી.

સામગ્રી

પ્રસ્તાવના



જીવન કમલ એક અનોખી કાવ્ય સફર...

આ પુસ્તક માટે આમ તો કંઈ પ્રસ્તાવના નથી.
પણ જો ટૂંક માં કહું તો, "જીવન કમલ" એટલે વિશ્વના સર્જનહારને સમજવાનું કાવ્ય એણે સર્જેલું આ સૌન્દર્યસભર કુદરત,આપણને આપેલા આ અમૂલ્ય જીવનની ભેટ, આ જીવનમાં પળે પળે ઉદભવતા અને અનુભવાતા મન ના પ્રવાહો, બદલાતા સંજોગો અને સંબંધો નાં પરિમાણ અને અંતે ખુદ ની ખોજ માં ખોવાઈને શબ્દો નાં માધ્યમ દ્વારા ઊર્મિઓ ને માણવાની સફર....

બસ એમ જ સહજ રીતે મારા મન મંથનથી પ્રગટેલા વિચારો ને કાવ્યાત્મક રીતે આલેખવાનો નાનો અમથો પ્રયાસ...

વળી,હું કાવ્યના પ્રકારો તેમજ વ્યાકરણની બહુ ઊંડી સમજ ધરાવતી નથી પરંતુ કાવ્યો લખવા,વાંચવા અને સાહિત્ય ને માણવું મારો શોખ છે એમાં પણ ગુજરાતી ભાષા એ વૈવિધ્યથી ભરેલ શબ્દો નો અદભૂત ખજાનો છે. તેથી અહીં પ્રસ્તુત કાવ્યો મેં મૌલિક શૈલી માં રજૂ કરેલ છે.

સમર્પણ

આ પુસ્તક મારા મમ્મી પપ્પા ને સમર્પિત હોવાથી હું આ પુસ્તક નો પ્રારંભ તેમના માટે લખેલા આભાર પૂર્ણ શબ્દો થી કરું છું.

પપ્પા એટલે...

જેના સહારે દુનિયા નિહાળું એ અડીખમ પહાડ,
મારી દરેક મુશ્કેલીની સામે ઝઝૂમતી મજબૂત ઢાલ,
મારી આસપાસ રોજ વિસ્તરતી વ્હાલની એ વાડ,
મારા જીવનમાં સિંચાયેલા સંસ્કારોનું અદભૂત ઝાડ,
હું હારું ત્યારે હિંમત અર્પતી સાવજ ની એ ત્રાડ,
મારી દરેક વાતોને સાંભળતું વિશ્વાસનું એ વહાણ,
મારા દરેક હાસ્ય માં સદાય વસે છે જેનાં પ્રાણ,
એ અમૂલ્ય સ્નેહને વર્ણવા તો ખૂટે છે શબ્દોની ખાણ.

મમ્મી એટલે...

એ અવાજ વગર તો ક્યાં ઊગે જ છે કોઈ સવાર?
એના મુખની નિખાલસતામાં સમગ્ર સુંદરતાનો સાર.
મારી ચિંતાઓ ને સમજવા એને લાગે છે ક્યાં વાર?
કહ્યા વગર; મારી ખુશીઓ માટે કરે એ પ્રાર્થના અપાર.
હું તો રોજ કેટલુંય ભૂલું પણ એ શીખડાવે વારંવાર,
તેના ઉપકારો અને વાત્સલ્ય મારા જીવનનો આધાર.
સહનશીલતા 'ને સત્ય વસે જેનાં હૃદયમાં અનરાધાર,
"માઁ" ના અમૂલ્ય ખોળે ખીલ્યો મારા અસ્તિત્વનો આકાર.

આ પુસ્તક નાં લેખન થી લઈ ને પબ્લિકેશન સુધી ના દરેક કાર્ય માં મદદ કરવા માટે મારા વ્હાલા ભાઈનો ખૂબ ખૂબ આભાર.

મારી દરેક રચનાનાં પ્રથમ વાંચક, પ્રસંશક અને મને હંમેશા સલાહ સૂચન આપનાર મારા ખાસ મિત્ર નો હું સસ્નેહ આભાર વ્યક્ત કરું છું.

આ ઉપરાંત મારા અન્ય દરેક મિત્રો નો આભાર જેની પાસેથી મને હંમેશા પ્રોત્સાહન મળતું રહ્યું છે.(ક્લિનિક માં બેસી ને પણ મારી કવિતાઓ સાંભળનાર મિત્રો ને હું કેમ ભૂલી શકું!)

આ પુસ્તક વાંચનાર સૌ વાચકો ની હું હૃદય પૂર્વક આભારી રહીશ અને આ કાવ્ય સફર આપના માટે જરૂર અનોખી બની રહે, સાથે એવી આશા રાખું કે આપ કાવ્યમાં છુપાયેલા ભાવો ને માણો તેમજ મારું કોઈ કાવ્ય કે શબ્દો આપના જીવન માં ક્યાંક પ્રેરણારૂપ બને તો આ પુસ્તક સાચા રૂપ માં સાર્થક ગણાશે...

પુસ્તક વિશે નાં આપના અભિપ્રાયો અને સૂચન હંમેશા આવકાર્ય રહેશે...
આભાર સાથે

જય શ્રી કૃષ્ણ...






1 - પ્રભુ તું મળે...

ક્યારેક તું આવી ને એમ મળે,
જેમ ખડકોની વચ્ચે થી ઝરણું દળે.
ક્યારેક તારા પગરવ ની ભાળ આવી જડે,
કે કોઈ અજાણી વાટે તારું મોરપીંછ મળે.
કયારેક તું શાંત પવન ની જેમ મારામાં ભળે,
અને હંમેશ મારી દરેક મંઝિલ તારી સમીપ વળે.
લોકો શોધતાં રહે ભલે તારું ઘર,
પણ હું આભ તરફ મીટ માંડું ને તું નજરો માં તરે.
કોઈ સાવ અનોખી રીતમાં, ક્યાંક કોઈના સુમધુર સંગીતમાં અને કોઈ મનમોહક સ્મિત માં તારી અમીમય આકૃતિ અવતરે.
મનોમંથન થકી મળતા નવનીતમાં, મારી દરેક હાર જીતમાં
અને મારા જીવનનાં અટપટાં આ ગણિતમાં, તારો સંગાથ સદા વિસ્તરે.
હે કાન્હા ! એમ જ તારા અધરનાં સ્પર્શ થી "બંસરી"નાં મન ની સરગમ નિરંતર વહે..





2 - કલાત્મક કુદરત

અનોખું આશ્ચર્ય મુજ મન માં , થાય ક્યારેક એમ ;
કુદરતની કોતરણી આટલી કલાત્મક કરી હશે તે કેમ !!
રોજ પ્રભાતે સૂર્યનાં કિરણો ધરા પર દોડીને વરસાવે પ્રેમ,
'ને ઢળતી સંધ્યાના આંછાં ઉજાસમાં ભર્યા રંગો ચિત્રકારની જેમ,
કોરા પટ આભમાં ટમટમતા તારલાઓ રાત થતાં છલકાતા હશે કેમ !!

આભના આંગણથી અમૃત વરસે જાણે ભૂમિ પર રોપાતું હેમ,
પછી ધરતીની ગોદમાં ભીની માટીનું અત્તર છાંટ્યું ચારેકોર એમ,
લીલુડી ચાદર તે પાથરી છે એટલી કે માપું એને અંકોમાં કેમ !!

આવડા શિખરો બાંધ્યા અડીખમ, ઝરમર ઝરણાં શણગાર્યા એમ,
તો ક્યાંક નજાકતથી ગોઠવી ફૂલો પર ઝીણી ઝાકળની બુંદો હેમખેમ,
મોરપીંછના રંગો,સમુદ્રનાં તરંગો 'ને ઋતુઓના પ્રસંગો રચ્યા હશે તે કેમ !!

વહેતા એ વાયરામાં ગજબ શીતળતા તો ય તું અડકીને અદૃશ્ય એમનેમ,
આ નાનકડી આંખોને આટલું ઓળખવાનું સમજાવ્યું હશે તે કેમ!!
વૈવિધ્ય વિશાળ તારી રચનામાં હોય તો તારું રુપ હશે કોણ જાણે કેમ?
અનોખું આશ્ચર્ય મુજ મન માં, થાય ક્યારેક એમ ;
કુદરતની કોતરણી આટલી કલાત્મક કરી હશે તે કેમ !!





3 - માનવ શરીર - અદભૂત રચના

લખ્યું ઘણું સૌ એ અનિલ અવની અને અંબર પર,
કોઈ એ જોયું ! અનોખું વિશ્વ ઈશ્વરે રચ્યું દેહ ભીતર.
એક નાનકડા બીજમાંથી વિકસાવ્યું કુમળું માટીરૂપી પડ.
કોણે વિચાર્યું હશે ત્યારે આમાં શક્તિ હશે અનેક મણ.

વિવિધ મિજાગરા કંડારીને બનાવ્યું આ કંકાલ રૂપી ઘર.
ને એમાં પણ પાછાં કેટકેટલાંય સ્નાયુઓના ચડાવ્યાં થર.
એટલે તો આમ છટાથી ચાલીએ,નહિતર કેવા લાગત જડ !
વળી અસંખ્ય નળીઓ ગોઠવી પહોંચાડવા રુધિરરૂપી બળ.

શીર્ષ છાબડીમાં અનેક તંતુઓ જોડી ગુથ્યું અખરોટ સમું ફળ
દરેક કાર્યોનું સંચાલન કરે એ જાણે હો બુદ્ધિશાળી બીરબલ.
આ ઘરમાં સૌથી નાજુક છતાં નક્કર મધ્યમાં હ્રદયરૂપી કમળ.
સદાય વહેતી એ સરગમ શરીરને અર્પે વાયુયુક્ત રક્તનાં કણ.

નીરખવું,પારખવું,બોલવું,સાંભળવું એ તો સાચે જાદૂઈ ધન.
વળી સ્પર્શ,સુગંધ 'ને સંવેદનાનું થતું હશે કેમ અદૃશ્ય વહન.
હારબંધ યંત્રો ચાલે પોલી બખોલમાં; પચાવવા આપણું અન્ન.
કોઈ બત્તી કે ઘડિયાળ રાખી હશે; આટલું અદભૂત નિયમન !

સવાલ એવો થાય; ક્યાં છુપાવ્યું હશે એણે અંતરમન નું વન?
ન દેખાય એ, તો પણ વિસ્તરતું જાય એ આભ સુધી અનંત.
લાગણીપ્રદેશ ક્યાં વસાવ્યો હશે જ્યાં વિચારોનો નથી અંત.
રડવું, હસવું, અનુભવવું એ જાણે લાગે કોઈ માયાવી પંત.

હું પણ કાગળમાં વર્ણવા બેઠી કુદરતનું સૌથી અભિન્ન અંગ.
કેટલીય કલમો ખૂટી જશે તો પણ આ દેહનાં ગુણો અકબંધ.
પંચ મહાભૂતની આ કાયા ને ઘડાવા લાગી હશે ઘણી ખંત.
માણી લેવું જીવન એમ,મૃત્યુ હસીને કહે આ જ સુખદ અંત.





4 - " જિંદગી એટલે.... "

જિંદગી એટલે...
પળ પળ માં સર્જાતું અલૌકિક આશ્ચર્ય,
આશાઓ અને સપનાઓ વચ્ચે નું ગૂઢ રહસ્ય,
સુખો અને દુઃખો વચ્ચે રચાતો અનોખો સમન્વય,
ક્યારેક રુદન ની વેદનાં તો ક્યારેક હાસ્ય ની લહેર,
ક્યારેક સફળતા નો ઉજાસ તો ક્યારેક નિરાશા નો અંધકાર.

જિંદગી એટલે...
ઢગલાબંધ અપેક્ષાઓ અને સંતોષ ના સથવારે
ભાગ્યને ભરોસે રોજ રોજ ગુથાતો મન નો માળો.
અતીત ના દર્પણ થી સર્જાતા ભવિષ્ય નાં વિચારો,
ક્યારેક ખુદ ની મોજ તો ક્યારેક કોઈક ની યાદો,
ક્યારેક ફરિયાદોનો મેળો તો ક્યારેક સમજણ ની વાતો.

જિંદગી એટલે...
શ્વાસ અને વિશ્વાસ વચ્ચે ચાલતી રમત,
સત્ય અને વહેમો વચ્ચે અટવાયેલા મન ની ગમ્મત.
ક્યારેક ગુસ્સા નો દરિયો તો ક્યારેક સ્નેહ નું ઝરણું,
ક્યારેક નફરત ની સાંકળો તો ક્યારેક ઉર્મિઓ ના વાદળો.

જિંદગી એટલે...
હજારો સવાલો વચ્ચે મળતો એક મનગમતો જવાબ.
ક્યારેક શબ્દો ની માયાજાળ તો ક્યારેક મૌન નો સંવાદ.
ક્યારેક સંબંધો ની મીઠાશ તો ક્યારેક તકરાર નો અવાજ.
અંતે, જન્મ અને મૃત્યુ વચ્ચે બનતો સરગમ નો નાદ.





5 - વાસ્તવિકતા...

શૂન્યતા ક્યારેક એમ અનંત અનુભવાય છે.
શબ્દો મસ્તિષ્ક ના સન્નાટા વચ્ચે ધરબાય છે.

અર્થ નથી મળતાં સંવાદો ઘણા સંભળાય છે.
બધું હેમખેમ લાગે તો આ શું તૂટીને તરડાય છે.

ઈચ્છાઓનાં કાંકરે થી મનની નદી જ ડહોળાય છે.
અશાંત પ્રશ્નો મોજાં બની સમયના કાંઠે અથડાય છે.

હજી આંખો એ સપનાઓ નાં વાદળો માં ઘેરાય છે.
મનોમંથન બાદ પણ ક્યાં વાસ્તવિકતાને સ્વીકારાય છે.

જાણે જીવન આમ એક નાટક ની માફક ભજવાય છે.
'ને અનેક પાત્રોમાં વહેંચાયેલ જીવન કટકે કટકે જીવાય છે.





6 - મિત્ર

માણસ એક મજાનો મળ્યો 'ને નવીન કોઈ ખજાનો જડ્યો,
આભ નિરખતી આતુર આંખોને શીતળતાનો જમાનો મળ્યો.

મૃગજળ રૂપી સબંધો વચ્ચે જ્યારે મીઠા ઝરણાનો હાશકારો મળ્યો,
હેત અને હરખની કુંપળોથી ઉગી નીકળતો લીલોછમ ક્યારો જડ્યો.

જીવનના ગુચવાયેલા સમીકરણોનો એકમાત્ર એ તાળો જડ્યો,
ફૂલો પર જામેલી ઝાકળને સૂર્યકિરણની હુંફનો સરવાળો મળ્યો.

જીવનપથ પર ચાલતા મુસાફર ને મિત્ર નામનો વિસામો જડ્યો,
સોનાની સમૃદ્ધિ પણ ફિક્કી લાગી કૃષ્ણને સુદામા જ્યારે સામો મળ્યો.





7 - માણસ બન

સૂરજ ઉગાડવાનું મિથ્યાભિમાન રે'વા દઈ;
એક ઘરઆંગણનું નાનું અમથું પણ ફાનસ બન.

સંસાર સાગરની ખારાશને ઉલેચવાનું છોડી;
પહાડોમાંથી ફૂટી નીકળેલ ઝરણાનું સાહસ બન.

આસપાસ ભીંતો ચણી સૌ એ એકલતાની;
જો બનવું જ છે પથ્થર તો અદ્ભુત આરસ બન.


યોગી બનવાની ખોટી પ્રતિયોગિતા ત્યાગી,
કર્મ પથ પર લીન થયેલું એકાગ્ર ચિત્ત સારસ બન.

આમ ખાલી ભટકવામાં શ્વાસ ખર્ચાય જશે;
સ્મિતનું અત્તર મુઠ્ઠીમાં ભરી સૌને સ્પર્શતો પારસ બન.

છાંયડો અર્પતા કોઈ વયો વૃદ્ધ વડલાની માફક;
અનુભવનું બીજ હૈયે વાવી સ્નેહ-વૃક્ષનો વારસ બન.

અંતે રાખનો રંગ સમાન જ થવાનો ત્યાં સુધી;
માણસોની આ મોહસૃષ્ટિમાં કૈંક અનોખો માણસ બન.





8 - ઢળતો સૂરજ....

સમી સાંજે આવી ઉભો આદિત્ય રથ સાગર ની પાસ,
પરોઢથી કરતો હતો એ વિશાળ વસુંધરા નો પ્રવાસ.

કેસરિયા વસ્ત્રો માં સજ્જ લાગે એ કોઈ સંત ખાસ,
સાગરના મોજાંની સોડમાં હશે એને શાંતિની તલાશ,
સમુદ્રને ઉલેચે એ કદાચ એને જળસમાધિની આશ.

ધીમે ધીમે એ વિલીન થાય 'ને સંકેલે સઘળો પ્રકાશ,
સાગર પણ કરે રતુંબડાં રંગોને ઓગાળવાનો પ્રયાસ,
સમગ્ર રંગો વિશ્વથી અલિપ્ત; સમુદ્રમાં થાય ખલાસ.

રંગવિહીન રાત્રિ આવી રચે ધરા પર અંધારના આવાસ.
પછી અવનીને ઓઢાળી શીતળતા, નિદ્રાધીન થાય આકાશ





9 - એમ જ કવિતા રચાય છે...

કવિતા ક્યાં આખી લખાય છે,
હજી ઘણા શબ્દોની ખોટ વર્તાય છે.
કોલાહલ છે બહાર કે સંભળાતું નથી,
પણ ભીતર કૈક તૂટે અને જોડાય છે.

બે હાથ ધરીને રાખ્યા છે તો ય હજું,
ઘણા સંબંધો મનથી છૂટી જાય છે.
પળે પળ નીતનવું થાય છે તો પણ,
હજી સૂકી યાદોને ફરી તાજી કરાય છે.

સુખના દિવસો પૂરપાટ ઝડપે દોડે,
'ને વ્યથાની વાતો ધીમે ધીમે ભૂલાય છે.
હજારો રેતઘડી લઈ ને બેસો તો પણ,
જરૂર પડ્યે એક ક્ષણ પણ ક્યાં મંગાય છે.

સપનાઓ રોજ રાતે આવે પણ સવારે,
પાછી વાત તો વાસ્તવિકતાની જ થાય છે.
મળે છે લોકોને મુખ પર હાસ્ય સાથે,
એ ભટકાય છે ખાલી, ક્યાં હૈયેથી ભેટાય છે.

ચાલતું રહે છે એ તો આમ નિરંતર પણ,
જીવન સાચે જીવાય છે કે શ્વાસ ખર્ચાય છે.
ખાલી શોર કરે "બંસરી" તો શું કામ નું,
ખરેખર કોઈ સરગમ સંભળાય છે????





10 - એક રંગીન સ્વપ્ન...

સુંદર એક દિવસ હતો અને એથીય અદ્દ્ભુત એ રાત,
શબ્દોમાં ન વર્ણવી શકાય એવી અનોખી યાદ.

મન માં સમાયેલી એ ક્ષણો નો સાગર જેવડો હરખ,
જાણે રાત ઓઢીને આવી 'તી ચાંદી નો ખૂબસૂરત વરખ.

ફૂલગુલાબી એ મોસમમાં આભ નાં તારલાઓ ની સાથે,
વૃક્ષો પણ ઝૂમી રહ્યા હતા એ સરગમ ને સંગાથે.

આમ તો અવાજો અનેક હતા પણ સર્વે શૂન્યમનસ્ક છવાયું,
જ્યારે એક આહ્લાદક ધ્વનિ એ હળવેથી મધુર ગીત રેલાવ્યું.
જાણે આજે નયનો ની સમક્ષ એક સુંદર શમાણું રચાયું.

મુખ પર એક અજબ નૂર ને આંખો માં હતું એક સ્મિત,
ઝરણાં ની જેમ ખળ ખળ વહેતું એક અલૌકિક સંગીત.

ને પછી એ સ્પર્શતા પવન માં મનગમતી મુસ્કાન હતી,
જાણે આજે સુરો સાંભળી કુદરત પણ મહેરબાન હતી.
નિહાળી રહેલા ચહેરાઓ પર નીરવ શાંતિ વર્તાતી 'તી,
જાણે દિવાનાં કોડિયાં માં બેસી આખી રાત છલકાતી 'તી.

એવું થાય કે કવિ ની કલમે કદાચ શબ્દો નું આલેખન ખૂટે,
પણ મૈત્રી નો આ મહેકતો સંબંધ હૃદય થી ક્યારેય ના તૂટે.

નાજુક મન ની સાદગી સાથે રહસ્યમય વાતોનો ખજાનો જડે,
જ્યારે કાન્હા ની એ સરગમ માં "બંસરી" ના સાત સુરો ભળે.
મન માં એવું થાય કે મોરપિચ્છ જેવી આ રંગીન પળો રોજ રોજ ક્યાં મળે??





11 - માણસ એક, રુપ અનેક

માણસ એક, મન એક, પણ તેના ચહેરાઓ અનેક હોય છે.

લોકો ની વિચારસરણી થી જ માણસ સ્વભાવ બદલતો હોય છે.

એક જ માણસ કોઈક માટે અપેક્ષાઓ થી ભરપુર તો કોઈક માટે નિમ્ન હોય છે.
તે જ માણસ ક્યારેક લાગણીઓ થી તરબોળ તો ક્યારેક સાવ ખાલીખમ હોય છે.
એક જ માણસ કોઈક માટે મહત્વપૂર્ણ તો કોઈક માટે ફક્ત અજાણ્યો હોય છે.
તે જ માણસ ક્યારેક ખુલ્લી કિતાબ તો ક્યારેક રહસ્યો નો ખજાનો હોય છે.

લોકો ની વિચારસરણી થી જ માણસ સ્વભાવ બદલતો હોય છે.
લોકો ની વચ્ચે ફરતો સમજદાર માણસ કોઈક પાસે સાવ બાળક જેવો હોય છે.
હજારો નિયમો બનાવતો માણસ કોઈક માટે બધા નિયમો ને તોડતો હોય છે.

આમ તો પોતાને બધા થી મજબૂત સમજતો માણસ મન થી સાવ નાજુક હોય છે.
દુનિયા સામે ખોટું હાસ્ય રાખતો માણસ ક્યારેક સ્મિત નું સાચું કારણ શોધતો હોય છે.
અહમ્ થી ફૂલેલો માણસ ક્યારેક ભગવાન સામે હાથ જોડી માંગતો હોય છે.
પરિસ્થિતિને આધીન લોકોના વિચારો મુજબ એક માણસ અલગ અલગ રૂપમાં પ્રસ્તુત હોય છે.

◆ ◆ ◆



12 - સમી સાંજે


આખો દહાડો દોડીને બેઠું મન સંધ્યાને સથવારે,
જેમ પેલું સૂર્યકિરણ થાક ડૂબાડી દે સાગર કિનારે,
એમ જ અનેક વિચારો તલ્લીન થયા મનનાં પાતાળે.

હળવે પગલે રાત આવી અજવાળાંની બત્તી ઠારે,
નવીન શમણાંઓને બેસાડી ફરી આંખોના પલકારે,
આભ ધીમે ધીમે રજનીની મોહકતામાં ધરાને પોઢાળે.

ને પછી સમીર શોધવા નીકળે સવાર તિમિરને સહારે,
ફિક્કો પડેલો કેસરી રંગ ફરી ઊઠીને બેસે નવા અવતારે,
ગઈકાલે ઢળેલી અધૂરી ઈચ્છાઓ સુંદર સ્વરૂપે શણગારે.

તેજથી તમસ અને તમસથી તેજ પ્રગટે રોજ આ પ્રકારે,
એમ જીવનનાં ગણિતમાં સુખદુઃખ આવે સરખા સરવાળે,
કેટલુંય ભણ્યાં તો પણ રોજ અભણ સૌ જીવનની નિશાળે.





13 - તું પથિક 'ને તું જ પથદર્શક... !!

તું જ તારા માં સકળ વિશ્વ છે,બહાર કાં આમતેમ દોડે?
અંતર રૂપી દીપક ઓલવી તું કયા ઉજાસને પકડે !

આદિત્ય સમી ચળકતી આંખોમાં,કાજળ કાં વ્યથાનું ઘોળે?
ભૂતકાળના વેરાન રણમાં રોજ તું મૃગજળ માટે રખડે !

મારગ તો સન્મુખ છે સઘળાં,પથિક શું જોમ છે તારી જોડે?
ભાગ્ય ભરોસે બેસવાથી ન કોઈ સિદ્દ્ધિ નાં દ્વાર ખખડે !

અનેક શમણાંઓ અધૂરાં ભાસે, સૂતો કાં આળસના ખોળે?
કમળ બની ખીલવું જોશે ભલે વિપત્તિનો કાદવ જકડે !

સફળતાનો ભેદ સમજ તું, સથવારો કાં પુરુષાર્થનો છોડે?
સુખ-વ્યોમમાં ઉડવા ખાતર મન-વિહંગની પાંખો ફફડે !

અન્યની આશ નીવડશે નકામી, અપેક્ષાઓથી મન કાં ડ્હોળે?
સ્વયં અર્જુન 'ને તું જ કૃષ્ણ છે, લડવું જોશે તારે સ્વબળે !

જીવન સતત વહેતું ચલચિત્ર,અનુભવ-રસમાં તને ઝબોળે !
અપાર કસોટી લેવાશે તારી; પછી પારસમણી બની ઝળહળે !

વાંસ સમા પોલા જીવમાં, શ્વાસ જરા સાહસના જો તું ઢોળે!
મઘમઘતા મન ઉપવનમાં "બંસરી" નું સંગીત ઊગે દરેક પળે !





14 - ખુદ ની ખોજ...

તું એક વાર ડગલું ભરવાનો નિશ્ચય તો કર , પર્વત પણ તને રસ્તો કંડારી દેશે.
નીચે બેસીને ખાલી જોવે છે શું, શિખર ને સ્પર્શ કર, એ આહલાદતા તને મહેકાવી દેશે.

નિષ્ફળતા ના રણ તો રસ્તા માં તારું સ્વાગત કરશે જ,
તું સફળતા નું ઝરણું મેળવવા આગળ વધ, તેની મીઠાશ તને તૃપ્ત કરી દેશે.

સમુદ્ર ના ઊંડાણો ક્યાં સુધી માપીશ, હિંમત ના વહાણ ને હંકાર, તોફાનો પણ તને માર્ગ બતાવી જશે.
નફરતો ના બાવળો તો આપમેળે ઉગશે, તું એક પ્રેમનું બીજ વાવી ને બતાવ, એ વૃક્ષ નો છાયડો તને શીતળતા અર્પશે.

અગણિત ફરિયાદો છે જીવન માં, જે નથી મળ્યું તેના માટે ક્યાં સુધી ઝંખીશ, જે છે તેને માણવાની કોશિશ કર, એમાં જ તને અદભૂત સુખ ની અનુભૂતિ થશે.

ધીમે ધીમે, ડગલે પગલે, અંત સુધી થાક્યા વગર, બસ થોભ્યા વગર પથિક બની ને મુસાફરી કર, જીવન ની ગૂઢ ગુફાઓ પણ ઉકેલાય જશે.

અફસોસ ના અંધકાર માં ગરકાવ તો સૌ છે, તું તિમિર જેવી સોનેરી તકો ને ઝડપી લઈ ઝઝૂમતો રહે, એક દિવસ જીવન દીવા ની જેમ ઝળહળી જશે.

સપનાઓ ની દુનિયા માં ક્યાં સુધી રમીશ, પુરુષાર્થ થી જીવન ને શણગાર, એમાં નસીબનો સથવારો પણ મળી જશે.
બીજા ને ભરોસે ક્યાં સુધી રહીશ, તું તારા પર વિશ્વાસ કરી લે બસ , ખુદ ની ખોજ માં ક્યાંક ખુદા મળી જશે.





15 - ખરેખર જીવાય છે?

જીવન કોઈથી કદી જીવાય છે જ ક્યાં,
ફક્ત ઘડી ઘડી શ્વાસ ઝીલી લેવાય છે.
સ્વપ્નની સરિતામાં કદી તરાય છે જ ક્યાં,

ફક્ત હકીકતની હોડી માં સરી જવાય છે.

અપેક્ષાઓ પોતાની જડી છે જ ક્યાં,
પૂર્ણ તો હંમેશા બીજાઓની જ થાય છે.
દાવ તો કદી કોઈ ખોટા પડ્યા છે જ ક્યાં,
પણ બાજીઓ હંમેશા બીજાની જીતાય છે.

ખુદના શ્રૃંગારને કદી વર્ણવાય છે જ ક્યાં,
એ તો બીજાના નયનો થકી નિરખાય છે.
મન ને કદી દર્પણ દર્શાવાય છે જ ક્યાં,
ગુણો અવગુણો તો અન્ય ના ચર્ચાય છે.

હૈયાનો સૂર તો કદી સંભળાય છે જ ક્યાં,
બુદ્ધિનો શોર જ હંમેશા કામ કરી જાય છે.
વાતો કદી સહજતાથી બોલાય છે જ ક્યાં,
શબ્દોમાં લપેટાઈ કાવ્યના રૂપે સર્જાય છે.





16 - કંઈ નથી હું...

આમ જુઓ તો કંઈ નથી હું,
સપનાઓથી સિંચેલી એક વેલ છું,
આભ તરફ ઉડવા મથતી પાંખોની હું પહેલ છું.

આમ જુઓ તો કંઈ નથી હું,
મૌનથી ભરેલી જૂની પુરાણી જેલ છું.
વાર્તા કોઈ સમજે તો મર્મથી સુસજ્જ હું મહેલ છું.

આમ જુઓ તો કંઈ નથી હું,
ભાગ્ય અને કર્મ વચ્ચે રમાયેલો ખેલ છું.
જીવનના આ કોડિયામાં પૂરેલા સુખદુઃખનું હું તેલ છું.

આમ જુઓ તો કંઈ નથી હું,
અમથું ઝાડ બાવળનું રણમાં ઊગેલ છું.
રાતરાણીની ફોરમ માફક ક્યાંક ચાંદનીમાં હું પ્રસરેલ છું.

આમ જુઓ તો કંઈ નથી હું,
શ્વાસથી લખાયેલ કવિતાનો શબ્દ મેળ છું.
ભીતરથી સાંભળો તો "બંસરી"ના સૂર માફક હું મઢેલ છું.





17 - મન નું મેઘધનુષ્ય

ચોમાસા ની એક આહ્લાદક ઢળતી સાંજે આભ જ્યારે કેસરિયા રંગથી રંગાયેલ હોય,
ધીમી ધારે ઝરમર મેહુલિયો ધરતી ને પ્રેમ થી ભીંજવતો હોય,
સવાર થી નીકળેલા પંખીડાંઓ સાંજ પડે ને માળા માં કલરવ કરતા પાછા ફરતા હોય,

દૂર થી કોઈ મંદિર ના ઝરૂખા માં દિવડાઓ ઝબુકતા હોય અને સાથે ઝાલર નો સુર સંધ્યા વેળા ને વધાવતો હોય,
આવી મનમોહક સાંજે આકાશ તરફ મીટ માંડીને જોયું ત્યારે,

એક સપ્તરંગી મેઘધનુષ્ય સમગ્ર આકાશ ને ચિરી ને એક કોર થી બીજી કોર છવાયેલું હતું,
જાણે કે કોઈ રૂપસુંદરી એ નવલખો હાર ધારણ કર્યો હોય એમ આભ ચમકતું હતું.

આ મેઘધનુષ્ય ના રંગો ને જોતાં એવું થયું કે,
ઢળતી સાંજ જેવી આ જીંદગી માં મારું મન એટલે આ સોનેરી આભ નું આંગણ,
એમાં આ રંગબેરંગી મેઘધનુષ્યના રંગો માનસપટ પર છવાયેલી વિવિધ લાગણીઓ ની હારમાળા.

આ હારમાળા દરરોજ સર્જાય અને વિખેરાય,
દરરોજ સુંદર સપનાઓ ના મહેલો બંધાય.
ક્યારેક ઉર્મીઓની લહેરો માં ખોવાઈ જવાય તો
ક્યારેક કલ્પનાઓ ના વહાણો થી તરી જવાય.

સુખ ના કિનારે પહોચવા દુઃખ ના દરિયા થી દુર વહી જવાય. ક્યારેક મુઠ્ઠી એક વિશ્વાસ માં પહાડ જેવા ભય ને ભૂલી જવાય,
તો ક્યારેક વહેમો ના જંગલો માં ભૂલા પડી જવાય.
ક્યારેક થોડા અમથાં માં જાજું જીવાય,
તો ક્યારેક ઢગલાં વચ્ચે પણ કંઈક ખાસ શોધાય.
આમ તો કવિ અમથું ના બનાય પણ

ક્યારેક કાગળ પર મનને ઉતારીએ તો કલમ થી કવિતા લખાઈ જાય.





18 - આકારમાં એ નિરાકાર...

એક ભગવાન બેઠો સદાય ભીતર,
જે દરરોજ તને સમીપ બોલાવે.
પણ તારી આંખો એની મૂર્તિ જોવા,
કંઈ કેટલાય મંદિરો ખોલાવે.

હજાર શૃંગાર રોજ એ મૂર્તિ માટે,
શું તું મનને ક્યારેય શણગારે ?
બેશક વાઘા તું નિતનવા લાવે,
પણ એ મૂર્તિ ને ક્યાં એ ફાવે?
એ તો તને જીવનના વિવિધ રંગોમાં,
સમતા થી જીવવાનું શીખડાવે.

જે હાસ્ય ને તું એ મૂર્તિમાં જોવે,
એ તું અન્ય ના જીવનમાં રોજ ફેલાવે?
ખુદ અમૃતને તું આપે માખણની લાલચ!
એ તો તારા વ્યવહારમાં મીઠાશ ચાહે.


તારી માગણીઓને મોકૂફ રાખી ;
ક્યારેક અમથો પણ જા એના દ્વારે,
અને મૂર્તિની એ નિર્મળ આંખો ;
સમર્પિત દૃષ્ટિથી જો તું નિહાળે,
તો મોરપીંછ ધરનારો એ માધવ,
તને ગીતા ના અમૂલ્ય પાઠ ભણાવે.

એ મૂર્તિ સમક્ષ કંઈ કેટલાય લોકો,
રોજ ફરિયાદો લાવી સંભળાવે,
સુદર્શન ધરનાર એ શ્યામ સુંદર,
તો પણ ઊભો અડીખમ મંદિર વચાળે;
એમ જ તારા આ જીવન યુધ્ધ માં,
સતત ધૈર્ય રાખવું એ તને બતાવે.

એ મૂર્તિ પણ ઈચ્છે કે ક્યારેક,
તું ભીતરનાં ઈશ્વરથી હાથ મિલાવે.
જો તું એનો મર્મ સમજે તો,
એ તને જીવનનું સાતત્ય સમજાવે.

સમગ્ર સૃષ્ટિને પોષનાર એ મધુસૂદન,
ક્યારેક નાનકડા મુખમાં બ્રહ્માંડ દેખાડે.
શોધવાનું રેવા દે એ વિશ્વરૂપને આકાર માં,
એ તો તારા મનમાં "બંસરી"નો રાગ વહાવે.





19 - કવિતાના સાર માં....

વિચારીને વર્તવું પડે જો તારે વ્યવહારમાં,
તો ખોટ મળશે કદાચ આ મિત્રતાનાં વેપારમાં,
શબ્દો ન મળે જો તને મહેફિલનાં આવકારમાં,
ખૂટતું હશે કોઈ મિત્ર તારા અંગત દરબારમાં.
ઘોંઘાટ તો રોજ સાંભળે,જાણીતો સાદ પુકારે જો,
ગુંથી લેજે સંગ તેને સરગમના આકારમાં.
ક્યાં સમય છે કોઈ પાસે રોજ રોજ મળવાનો,
પણ ચર્ચાય જ્યારે મિત્રતાની વ્યાખ્યા,
યાદ કરી લેજે સુંદર સ્મિત એ પળવાર માં.
કયારેક ઈચ્છા થાય ખુદને જાણવાની,
શોધી લેજે મારી દરેક કવિતાના સારમાં.





20 - જિંદગી છે મજાની !

આમ તો સ્વપ્ન એ મન થી ઘડેલી કહાની,
જેની ભીતર અગણિત લાગણીઓ હોવાની.
તૃષ્ણા અનોખી છે મૃગજળને મેળવવાની,
એ જ મોહને પામવા તો દરરોજ સવાર ઊગવાની!!

મુશ્કેલી તો હંમેશ ડગલે ને પગલે સાથે આવવાની,
નક્કર સાબિતી એ જ તો છે માણસના જીવંત હોવાની,
અંતમાં તો જીંદગી રાખ માં ભળી જવાની,
ત્યાં સુધી તો સૌનાં હૃદયમાં સુગંધ પ્રસરાવી જવાની!!

જીવન ની કવિતામાં રોજ નવીન પંક્તિઓ લખવાની,
ક્યારેક તો હકીકત ની મુલાકાત સપનાં સાથે થવાની.
કસોટીની આગમાં તપીને જ હીરાની સાચી પરખ થવાની.
'ને અસ્તિત્વથી અંત સુધીની સફર રોમાંચક બની જવાની.

સમયની દરેક પળ અમથી પણ વહી જવાની,
ઈચ્છા રાખીએ મનોમંથન થી ખુદ ને પામવાની.
દરિયો બની શું કામ ખારાશ ભેગી કરવાની?
એનાં કરતાં મીઠાં ઝરણાં ની જીંદગી મજાની!!





21 - પરિવર્તન એ જ સંસાર...

અનેક પાન રોજ તૂટે 'ને સુકાય ઘણી ડાળ,
તો પણ ક્યારેય આંસુઓ સારે છે ઝાડ?
ઉડતું પતંગિયું જાણે રંગોનો નવીનતમ શૃંગાર,
એ પાંખોને વિકસતા લાગી હશે કેટલીય વાર!!

બીજનાં ગર્ભમાં સુષુપ્ત આખા તરુવરનો સાર,
ધરાને ચીરીને ઊગે એ; ક્યાં માને છે હાર?
રોપી લે મનમાં એક કુંપળ સમા સ્વપ્નનો આકાર,
યત્નો રૂપી જળ 'ને આપજે ધીરજનો આહાર.
એમ જ તો ફુંટી નીકળશે હૈયે આનંદ અપાર.

રાત રોજ ઓલવે પેલા સૂરજને સાગર પાર,
સવારે ફરી પ્રગટે એ ; ક્યાં થાય છે ફરાર?
વાદળીઓ પણ સાચવે જો ને આખા સમુદ્રનો ભાર,
ત્યારે જ તો વરસે અમૃત થઈને મેઘ મુશળધાર.

સુંદરતા ત્યાં જ જન્મે જ્યાં થાય કસોટી આરપાર,
એક પથ્થરને ભગવાન બનવા ટોચાવું પડે વારંવાર.
એમ માનવને ઘડવા;જીવન રચે સુખદુઃખની ઘટમાળ,
પરિવર્તનના પારણે ઝૂલે હંમેશા કુદરત 'ને કાળ,
એમ જ તો ગુંજે છે આ હૈયા નાં સુમધુર તાર.





22 - રાધાનો માધવ...

લોકો કહે, ગોકુળ મેલીને કાન, મથુરા ગયો તું કેમ?
પણ રાધા ને મન તો લાગતું નથી ક્યારેય એમ !!

પરોઢિયે ઉગે એ ક્યાં સૂરજનું તેજ છે;
એ તો મારા માધાનાં કેસરિયા વાઘા.
ગોપીના મીઠા વલોણાંની ગુંજમાં,
માધાનું નામ રોજ સાંભળે રાધા.

દૂર થી ગાય એ ક્યાં કોકિલનો કંઠ છે;
એ તો મારા માધાની મોરલી નો રાગ.
ઝૂમતાં વૃક્ષોની ડાળીએ ડાળીએ,
માધાનાં ઝાંઝર રોજ સાંભળે રાધા.

ઢળતી સંધ્યા એ ક્યાં વાદળનો રંગ છે;
એ તો મારા માધાના મોરપીંછ નો સંગ.
પાદરમાં વળતી ગાયોની પગરજ માં,
માધાનો સ્પર્શ રોજ સ્પર્શે રાધા.

રજની ઓઢે એ ક્યાં તિમિરનું આભ છે;
એ તો મારા માધા એ ઘોળેલું શ્યામ રૂપ.
કૃષ્ણ વદન મનોહર નીરખી આકાશમાં,
માધા સંગાથ "બંસરી"ના સુરે રમે રાધા.

લોકો કહે, ગોકુળ મેલીને કાન, મથુરા ગયો તું કેમ?
પણ રાધા ને મન તો લાગતું નથી ક્યારેય એમ !!
રાધાની આંખોથી નીરખતા લાગે માધવ છે અંતરમન.
પછી ભલે ને એ હોય ગોકુળ,મથુરા,દ્વારિકા કે મધુવન.





23 - આટલું અંતર.....

સ્વપ્ન અને હકીકતમાં આટલું અંતર !!
સ્વપ્ન એ મનગમતી દુનિયાનું મંતર,
મળે તે ચાહવું એ હકીકતનું અત્તર.


સ્વપ્ન અને હકીકતમાં આટલું અંતર !!
બંધ આંખે રચાય યાદોનું રંગીન અસ્તર,
ખુલ્લી આંખે શીખવે દુનિયાદારીનું ભણતર.

સ્વપ્ન અને હકીકતમાં આટલું અંતર !!
એક; વાતો અઢળક આંખોનાં બારણે પડતર,
બીજું; અનુભવોથી ચૂકવાતું ભવિષ્યને વળતર.

સ્વપ્ન અને હકીકતમાં આટલું અંતર !!
બંધ આંખે સંભળાતો અંતરમનનો ઉત્તર,
ખુલ્લી આંખે શોધવા મથીએ સુખનું છત્તર.

સ્વપ્ન અને હકીકત માં ના રહે અંતર !!
ખંતથી સિંચાય જ્યારે સ્વપ્નમહેલનું ચણતર,
થાય ત્યારે હકીકતમાં સોનેરી સ્વપ્નનું જડતર.





24 - ઉર્મિઓનું કાવ્ય

કાલ ની ખુશી શોધવામાં અમથી અમથી આજ ખર્ચાય?
એના કરતાં આજે લીધેલા શ્વાસમાં જિંદગી માણી લેવાય!!

મન પર અપેક્ષાઓનો બોજ લઈ ને આમ થોડું ભટકાય?
મળી જાય ક્યાંક અદભૂત અવસર તો સ્મિતથી જીવી લેવાય!!

વગર પુરુષાર્થ આમ ભાગ્યનો ખેલ ક્યાં સુધી જીરવાય?
શિખર ને પામવા તો નિરંતર ડગલાં માંડતું જ રહેવાય!!

નિરવ શાંતિને શોધતા દૂર દૂર સુધી હવે કેટલુંક દોડાય?
ક્યારેક સમી સાંજે કુદરતના ખોળે બેસી સ્વયંને પામી લેવાય!!

ખુલ્લી આંખોથી તો નજરો ને ક્યાં સુધી પહોંચાડી શકાય?
અનંત ને માણવા તો બંધ નયનોથી ભીતર માં ઉતરી જવાય!!

જીવનમાં સ્વાર્થનાં સંબંધો તો આમ પણ ક્યાં ખૂટ્યાં છે?
ક્યારેક વગર કારણે પણ કોઈને હાથ લંબાવી દેવાય!!

અનેક સંગીત અને સરગમો સાંભળી હશે સુમધુર સ્વરો માં,
પરંતુ મળી જાય કોઈક મનગમતો સુંદર વિસામો તો....
ક્યારેક હ્રદય માં ધબકતું એ ગીત 'બંસરી' ના સુરોની માફક રેલાવી દેવાય.

આમ તો કોરો કાગળ અને કલમ અમથી થોડી સચવાય?
બસ, ઉર્મીઓને જરાક વાચા આપીને કાવ્ય લખી લેવાય.





25 - ઉતાર-ચડાવ આવે...

અહીં જરાક તડકામાં નીકળીએ ને આપણને તો તાવ આવે,
એમાં કેમ કરી વનવાસ
જતાં;રામસીતા જેવો સ્વભાવ આવે?

જરાક અમથી વ્યથા હોય તો પણ મન માં અનેક ઘાવ આવે,
ઝેર કટોરો પીવો પડે ત્યારે મીરાને મળવા પેલો શ્યામ આવે.


વર્ષોથી વાટ જુએ શબરી, ના હૈયે ક્યારેય કોઈ રાવ આવે,
અમથું થોડી એ એંઠા બોરમાં રામ ને મીઠો પ્રભાવ આવે?

પ્રયત્નોની પોટલી ફેકવા રસ્તામાં; આળસની એક વાવ આવે.
પછી શિયાળની જેમ વાર્તામાં 'દ્રાક્ષ ખાટી છે' નો દાવ આવે.

મહાભારતની તો વાત નથી,જાત સાથે પણ અભાવ આવે,
એમાં કેમ કરીને રથ હાંકવા ભગવાન કૃષ્ણનો પ્રસ્તાવ આવે?

જીવનનો રસ્તો ક્યાં સીધો છે,એમાં તો અનેક ઢોળાવ આવે,
હૃદયનો ગ્રાફ તપાસો ; શ્વાસ હોય તો જ ઉતાર ચડાવ આવે.





26 - અનોખી ભાષા

આ સાંજમાં ઘોળાયેલા સમીરની સુગંધ;
જાણે મઘમઘતા ફૂલોની વાચા.

વાદળની વચ્ચેથી સાંજ ડોકિયું કરીને;
ફેલાવે લાલપીળા રંગો એમાં આછાં.

આવડાં સમુદ્રને કાંઠે બેઠેલા સૂરજને ,
થાય ફરી મીઠી ઝાકળને મળવાની આશા.

ઊગતી હશે રાત કયા અંધારે ઓરડે ?
'ને કેમ સમાય તેજ આમ કુદરતનાં ખોરડે !!
કઈ કલમથી ચીતરી હશે એને આવી અનોખી ભાષા?





27 -અદ્વિતીય ચહેરો...

આંખો બંધ કરતાંની સાથે જ એક સુંદર ચહેરો મનમાં ઘડાય છે,
શું તેનું સૌંદર્ય અને શું ઈશ્વરની અદભૂત રચના !!

સંબંધ એની જોડે મૈત્રીનો પણ હ્યદય માં આગવું સ્થાન ધરાવે છે,
વિનમ્રતા એના વ્યવહારમાં અને નિખાલસતા એના સ્વભાવમાં વસે છે..

તેનું મન એટલે જાણે કુદરતની કલમ થી કંડારેલું એક રંગીન કાવ્ય અને
ઊંડાણ તપાસો તો સાતમા પાતાળ માં છુપાયેલું કોઈ રહસ્ય,
તેના બોલ પતંગિયા ની માફક હ્રદયમાં એક અમીટ છાપ ઉપજાવી જાય છે...

આંખો બંધ કરતા ની સાથે જ લાગે કે ચાંદની થી છલકાતી રાત માં
સપનાઓની મહેફિલનાં શૃંગાર ની માફક એક તસવીર મન માં ઘડાય છે,
કેવી તેની સાદગી અને કેવી ઈશ્વર દ્વારા રચાયેલી અનેરી આકૃતિ !!

સંબંધ એ મૈત્રી નો જે કોઈ ઘટાદાર તરુવર ની માફક મન ને શાંતિ અર્પે છે,
નવીનતા તેના વ્યક્તિત્વ માં અને હકારાત્મકતા એના સ્વભાવ માં વસે છે..

તેની આંખોમાં અજબ ચમક છે અને લલાટ પર તેજ છે,
ચિત્રકાર ના ચિત્રની માફક મનમાં ઘડાયેલો એનો ચેહરો પણ ઝાંખો પડશે એ મારો વ્હેમ છે...





28 - અનન્ય પ્રેમ...

રાધા :

લાગણીઓ ની રમત પણ છે અજીબ, કૃષ્ણ તું દૂર છે તો પણ મન થી સાવ નજીક.
નથી ખબર કે તને કેમ સમજાવું, તું નથી તો પણ તને જ હું બોલાવું.
સવાર પડે ને હું તને સંભાળું, રાત પણ ઓઢી ને આવે તારી યાદ નું અંધારું.
મારી આંખો થી હું ફક્ત તને જ નિહાળું, મન ના સિંહાસન પર રોજ તને બેસાડું.
ક્ષણે ક્ષણે એક વાત વિચારું, જનમ જનમ હું કૃષ્ણનું નામ ઉચ્ચારું.
કૃષ્ણ વગર રાધા નું જીવન નકામું, શ્વાસે શ્વાસે હું તને જ પામું.

લાગણીઓ ની રમત પણ છે અજીબ, કૃષ્ણ તું દૂર છે તો પણ મન થી સાવ નજીક.

કૃષ્ણ :

લાગણીઓ ની રમત પણ છે અજીબ,રાધા તું દૂર છે તો પણ મન થી સાવ નજીક.
મારા દરેક સૂર માં હું તને ચાહું, મોરલી ની સરગમ તારા માટે જ રેલાવું.
પૂનમ નાં ચાંદ માં રાધા તને શોધું, આભનાં તારાઓ માં તારું નામ લખાવ્યું.
મોરપીંછ ના રંગો થી તને સજાવું, કોયલ ના ટહુકે તારી મધુરતા માણું.
પવન ની લહેરો થી તને બોલાવું, ફૂલો ની સુગંધ માં તને છુપાવું.
પળ પળ માં અનુભવું છું તારું સંગીત,
પૃથ્વી ના કણ કણ માં વસે છે 'રાધા કૃષ્ણ ની પ્રીત'.
લાગણીઓ ની રમત પણ છે અજીબ, રાધા તું દૂર છે તો પણ મન થી સાવ નજીક.





29 - જીવન નો ક્રમ

વહેતા શિખડાવ્યું 'તુ એક દિવસ નદીએ,
થોડુંક આવડ્યું ને થયું કે લાવ જઈને અડીએ.

લાગ્યું કે ઊંડાણ હશે ખૂબ એનાં મીઠાં જળ માં,
પછી ખબર પડી તબદીલ થઈ હવે એ મૃગજળમાં.

વિચાર્યું કે કિનારે આવે છે એ શંખમાં હશે કૈંક ખાસ,
પણ આ તો માંડ્યો 'તો આંખોએ સ્વપ્નનો પ્રવાસ.

મીટ માંડી તો ય આભમાં 'ને મનમાં આશા છે પ્રબળ,
ફરી વહી જશું દૂર જ્યારે વરસશે ચોમાસે નવું વાદળ.

કોઈ ઘટના ઉગી નીકળે રોજ 'ને ક્યારેક નવીન ભ્રમ,
નીતનવા રુપમાં આમ બદલાતો રહે છે જીવનનો ક્રમ.

એ જિંદગી!! રોજ દોડાવે છે તું , આજ જરાક તો ખમ.
હું લખું કૈંક 'ને તું ભળી જા બનીને "બંસરી" ની સરગમ.

◆ ◆ ◆



30 - હર હર મહાદેવ

યુગો નો આરંભ તું , કાળ બને તો અંત તું,
સર્પધારી નીલકંઠ તું, ત્રિલોકનાથ શ્રીમંત તું,
તાંડવ રસમાં જ્વલંત તું, જટાધારી મહંત તું,
અઘોર નો પંથ તું, સંતમાં સમાયેલ અનંત તું.
ત્રિશૂળ ધારી પ્રચંડ તું, ત્રિનેત્ર-ધારી અખંડ તું,
ભાલચંદ્ર સારંગ તું, ધ્યાનમગ્ન થી આનંદ તું,
આકાશ રૂપી અલય તું 'ને પૃથ્વી પર પ્રલય તું,
જળમાં પ્રવાહિત લય તું 'ને જીવનું શિવાલય તું.
તેજોમય તત્વ તું, શૂન્યથી સર્જાયેલ સત્વ તું,
વાણીમાં છે સત્ય તું, મૌનમાં પણ સાતત્ય તું,
ભૂદેવો નો આરાધ્ય તું, ઓમકાર માં સાધ્ય તું,
એકદંત 'ને સ્કંદનો તાત તું, ગંગાધર 'ને ગિરિજાનાથ તું.
જન્મોજન્માંતર નો સાથ તું, રીઝે તો ભોળિયોનાથ તું.





31 - રજની ની સૃષ્ટિ

રજની કાળાં કામળામાં ધીરે-ધીરે લીન થતી હતી.
તારલાઓ નાં ઝૂમખાં ગગન-પટ પર છલકાતા'તા.
ગાઢ શાંતિમાં સમીરની શીતળતા ઓગળતી હતી.
મન-વ્યોમમાં વાદળોની માફક વિચારો વિખેરાતા'તા.
મનોમંથનમાં તલ્લીન એ પ્રકૃતિ સમક્ષ બેઠી હતી.

'ને પછી કુતૂહલવશ વદને એણે અનંત તરફ મીટ માંડી;
જાણે અઢળક વાદળોમાં એકીટશે કંઈક શોધતી હોય !!
એ અનિમેષ નીરખતા નયનો જોઈ ચાંદને થયું કે,
શું કોઈ ચાંદનીમાં અલિપ્ત થઈ તેને માણી રહ્યું હતું?
કે પછી હૈયાનાં ઊંડાણમાં સાચવી રાખેલ ચંદ્રથી પણ
બેનમૂન ચહેરાને પ્રતિબિંબ રૂપે જોવા મથી રહ્યું હતું?

'ને પછી એણે મન-ઊર્મિઓને મોહક આકૃતિમાં સમાવી;
નિહાળેલા ચહેરાની આહલાદકતા સાથે ઓતપ્રોત થવાં,
સ્નેહાળ સ્મિત સાથે બાહરી દુનિયાથી તદ્દન અજાણ થઈ,
એના કમળ સમાન નાજુક નેત્રોને શમણાંઓમાં પરોવી,
રાતરાણીની ફોરમ પ્રસરે તેમ એ કલ્પના સૃષ્ટિમાં સરી પડી !!





32 -મન ના અવાજો

મન ના અવાજો ઘણીવાર બહુ શોર કરે,
જાણે કોઈ પંખી પાંજરૂ તોડવા જોર કરે.

અસહ્ય તાપ બાદ વર્ષા ને રીઝવવા ;
જેમ આભ તરફ આતુર નજર મોર કરે.

માનવ મન અનેક આશાઓ ઉગાડે ;
'ને પછી એને પામવા પ્રાર્થના ચારેકોર કરે.

ખુદ ખોવાયેલું વ્યથાના વમળો વચ્ચે ;
અને દરિયો માપવાનો એ નવીન ડોળ કરે.





33 - ખૂબસૂરત સફર

શિયાળા ની અડધી પસાર થયેલી રાત્રિ ,
ગાડી ની બારીએ થી દેખાતું અંધારું,
રસ્તા પર થોડા ઘણા વાહનો ની હલચલ,
વાહનોનો હળવો પીળો પથરાતો પ્રકાશ,
નીરવ શાંતિ માં વાહનો અને પવન નો અવાજ...

રસ્તા ની કોર પર ઉગેલા વૃક્ષો ની હારમાળા,
જે પૂરપાટ ઝડપથી સાથે દોડતા હોય એવો આભાસ,
બારી એ થી અવિરત આખા રસ્તે ડોકિયું કરતો ચાંદ ...

ચહેરા પર અથડાતો ઠંડો ઠંડો પવન,
ધીમું ધીમું સંગીત સાંભળવા ની મજા,
આવા મસ્ત વાતાવરણ માં ખુશી અનુભવતું મન...

મંઝિલ થી પણ વધારે સુંદર એ મુસાફરી નો રોમાંચ,
રસ્તા માં આવતા નાના મોટા વિઘ્નો, કુદરત નો પ્રત્યક્ષ અનુભવ,
કુતુહલ સર્જતા દૃશ્યો , ખુદ ની સાથે પસાર કરેલો સમય,
મન માં ચાલતું વિચારો નું મનન,
જેની વાહન કરતા પણ વધુ ઝડપી ચાલ,
અને અંધકાર પછી વહેલી સવાર નું અજવાળું નિરખવા જોવાતી રાહ...

એવું થાય કે,
આ જીવન ની મુસાફરી પણ આટલી જ અદ્ભુત અને આહ્લાદક હોય...
રોજ નવા અનુભવો અને તેમાંથી મળતી શીખ,
નવા રસ્તાઓ ના અણધાર્યા વણાંકો,
અંધકાર નાં ખોળા માં છુપાયેલું સુંદર શમણાં જેવું ભવિષ્ય,
રસ્તામાં મળતો અને ખોવાતો લોકો નો સાથ,
તેની અવનવી વાતો ની મન પર પડતી છાપ...

બસ, આમ જ અવિરતપણે વહેતું જીવન !!
મંઝિલ ની શોધ માં સતત આગળ વધતું મન !!
અને છેક સુધી ઝઝૂમતો એ મુસાફર !!
અસ્તિત્વ થી અંત સુધી ની એની રોમાંચક સફર...





34 -સમૃદ્ધ થા...

વ્યોમ સુધી વિસ્તરી ને વડલાની જેમ વૃદ્ધ થા.
મોહને હરાવી માનવ મેળાની વચ્ચે જ બુદ્ધ થા.

શરીર માટેનાં શૃંગાર રેવા દઈ કર્મયોગથી શુદ્ધ થા.
શોક અને સંશયને ત્યાગી દઈ તું સત્યનું બિરુદ થા.

ભૂતકાળ નાં ભ્રમને ભાંગી આ ક્ષણમાં જ પ્રબુદ્ધ થા.
મનમાં રહેલા અવગુણો નાથવા તું જ તારી વિરુદ્ધ થા.

સંયમ 'ને સુખનાં શસ્ત્રથી સજ્જ ખુદને જીતતું યુદ્ધ થા.
અંતર ને જીવંતતા થી શણગારી ને સદાય માટે સમૃદ્ધ થા.





35 -ભીતર શોધ...

દરેક ખુશીઓ નું સરનામું તારી સમીપ જ જડે,
તો પણ ફાનસ લઈ અજવાળાં ને શોધવા કેમ દોડે?

તારી પાસે જે છે એનો આનંદ અનેરો છે,
તારી ભીતર જ સર્વે ઊર્મિઓ નો મેળો છે.

એક વાર દર્પણ ધરી ને સામે જોઈ લે,
એક તેજસ્વી સૂર્ય સન્મુખ જ ઉગેલો છે.

◆ ◆ ◆



36 - સૌંદર્યનું સર્જન

ધરતી આકાશને દૂર , કોઈએ ક્ષિતિજથી સીવી લીધા.
પર્વત ની ટોચ થી કોઈ એ વાદળો ને અડકી લીધા.
સાગર ની લહેરો માં કોઈ એ આભના રંગો પૂરી દીધા.
ઢળતી સાંજે આભને કોઈ એ કેસરિયા રંગથી રંગી લીધા.
આભના આંગણથી કોઈ એ પંખીઓ નાં કલરવ ઉમેરી દીધા.

મસ્ત લહેરાતાં પવન માં કોઈ એ મધુર મહેક પ્રસરાવી દીધી.
વળી હળવેથી ધરતી પર કોઈએ લીલી ચાદર પાથરી દીધી.

આ બેનમૂન સૌન્દર્ય આંખો સમક્ષ છલકાયું,
ને પછી એવું થયું કે,
પાંપણ નાં પલકારે મેં સમગ્ર મેઘધનુષ્ય નાં રંગો જીવી લીધા.

ને પછી એવું થયું કે,
સૃષ્ટિ નાં સર્જનહારે મારા મન માં અગણિત રંગો ઘોળી દીધા.

ને પછી એવું થયું કે,
કવિ તો થવું ન હતું પણ કલમ એ શબ્દો રૂપી તાર સીવી લીધા.
ધરતી આકાશને દૂર , કોઈએ ક્ષિતિજથી સીવી લીધા.





37 - મન ની ઋતુ

કુદરતની ઋતુઓ તો સૌ ને ખબર,
મન ને પૂછ્યું કદી ?? કઈ મોસમ ચાલે છે અંદર !!

મહેક લઈ આવીએ ફૂલોની,ચાલતી હોય જો પાનખર.
સ્નેહ રૂપી સૂર્યનાં ઉજાસ થી,પીગળાવીએ ધૃણાના હિમથર.
સમયના વહાણો વહી જશે,માણી લઈએ એ લહેરોની અમૂલ્ય પળ.

સુખનાં વાદળો વરસાવીએ,હોય જો વ્યથાના વન ધરખમ.
કોઈ ઝરણાનું મીઠું સંગીત પકડીએ,હૈયે રચીએ સ્મિત રૂપી સરગમ.

સ્વપ્નની પાંખો ફેલાવીએ,ઉડાન ભરીએ ગગનમાં અનંત.
ખજાનો ખોલીને શોધીએ,મળી જાય એમાં જો હેમરૂપી ખંત.
મન એવું કુરુક્ષેત્ર,જ્યાં વિચારોનાં યુદ્ધનો નથી ક્યારેય અંત.

કુદરતની ઋતુઓ તો સૌ ને ખબર,
મન ને પૂછ્યું કદી ?? કઈ મોસમ ચાલે છે અંદર !!
ભલે ને ચાલે કોઈપણ ઋતુ,પામી લઈશું એનું આલ્હ્લાદક અત્તર.
'ને પછી રેલાશે મેઘધનુષ્ય ની માફક, જીવનમાં મનગમતા રંગોનું જંતર.





38 - કૃષ્ણ લીલાં

યાદવકુળનો તારણહાર, દેવકીની કૂખે જન્મ્યો કંસનો કાળ.
માખણચોર નટવર નંદલાલ, યશોદા નો નાનકડો બાળ.
માથે મુકુટ મોરપીંછ ધરનાર, કંઠે શોભે તુલસી ની માળ.
યમુના જળ નો કર્યો ઉદ્‌ધાર 'ને કાળીનાગ નાથિયો વિશાળ.
મીરા લઈ બેઠી કરતાલ, બનીને આવ્યો ગીરધર ગોપાલ.
નરસૈંયો મોકલે હૂંડી હાથ, હાજર થયો શામળિયો નાથ.
ગોપ ગોપીઓનો શિર-તાજ, રાધિકાનો રંગીલો રસરાજ.
સુવર્ણનગરીનો રાજાધિરાજ, ચરણો પખાળે સુદામા કાજ.
રુકમણીના પુરુષોત્તમ પ્રાણ, લક્ષ્મીજી કરે જેનું આહવાન.
પાંચાલી નો સાંભળી પુકાર, સખા બની ચીર પૂર્યા હજાર.
પાર્થએ મૂક્યાં હેઠા હથિયાર, ભગવદ્ ગીતાનો આપ્યો સાર.
સકળ સિધ્ધિઓ જેને દ્વાર, સમગ્ર સૃષ્ટિનાં એ પાલનહાર.
અનેક પાત્રોમાં થઈ એકાકાર, મહાભારતના અચ્યુત અવતાર.
જે રૂપમાં કરું પ્રભુને યાદ, 'બંસરી' ના સૂરમાં સાંભળું એનો સાદ.




James Branch Cabell · BREWER
EXIT
FACEOFF

39 - આતુરતા...

ક્યારેક મન નાં ઝરૂખે બેસી ને યાદો એવી રીતે ડોકિયું કરે,
જેમ કાળા વાદળો માં ગુચવાયેલો ચંદ્ર બહાર નીકળવા આતુર બને.

ક્યારેક અનોખો આનંદ તો ક્યારેક અજાણી અપેક્ષાઓ
સાથે મન એવી રીતે અથડાયા કરે,
જેમ સમુદ્રના મોજાઓ વારંવાર કિનારા ને મળવા આતુર બને.

એમ તો સહજ રીતે કાવ્યપંક્તિ રચાતી નથી , પણ ક્યારેક કલમ શાહીથી અંતર ની ઉર્મિઓને કાગળ પર પાથરવા આતુર બને.

◆ ◆ ◆



40 - સતરંગી શ્યાહી...


સ્વર્ગના કવિ લઈ ને બેઠાં કલમ, 'ને ભરી સતરંગી શ્યાહી,
કાગળ પર સઘળું વિશ્વ પાથરવા વહાવી સતરંગી શ્યાહી.
ધરાથી હરિયાળી લીધી 'ને રવિએ રંગી ઝાકળને ઝરી વાળી,
પતંગિયાને કીધું દોડો બાગોમાં લેવા પુષ્પોની સુગંધ સુંવાળી,
આંબા ડાળે બેઠેલા કોકિલ કંઠમાં ઘોળી સતરંગી શ્યાહી.

રણ ને થોડી તરસ દિધી 'ને વાદળીને કીધું કે આજ વરસ,
ટપકતાં અમૃત જળને ઝીલવા અરણ્ય ઉગી નીકળ્યાં સરસ.
આકાશગંગાથી ઉભરતા અનેરા રંગોમાં પૂરી સતરંગી શ્યાહી.

ઠંડા પવનની લહેરખીઓ ઉમેરી 'ને પંખીઓને કીધું ગાવાનું,
ઝરણાંની ખળ ખળ શીતળતામાં ગીરીકંદરાને કીધું ના'વાનું.
ચાંદની થી તરબોળ રજની માં ઝબોળી સતરંગી શ્યાહી.

હવે કાગળ પર ઉતાર્યા અસંખ્ય કદાવર 'ને સૂક્ષ્મ સજીવો,
માનવ મહેરામણ રચી ને કીધું આ વિશ્વ કાવ્ય માં જીવો,
વિશ્વકાવ્ય ને ચરિતાર્થ કરવા પૂરી શ્વાસની સતરંગી શ્યાહી.
સ્વર્ગના કવિ લઈ બેઠાં કલમ, 'ને ભરી સતરંગી શ્યાહી,
કાગળ પર સઘળું વિશ્વ પાથરવા વહાવી સતરંગી શ્યાહી.





41 - અજાણી કહાની...

અભિવ્યક્ત થવા માટે તો સકળ શબ્દોની સરવાણી છે,
પણ સમજાય તો આંખોમાં છૂપાયેલ મૌન પણ વાણી છે.

હૈયાના હેતએ કાચ સામે નીરખી હાસ્યની લહેર તાણી છે,
અને સાથે આંખોથી વરસતું ઝાકળનાં મોતી જેવું પાણી છે,
રહસ્યમય સફરમાં સમાયેલી રોજ ઉત્સવ જેવી ઉજાણી છે.

આમ તો સૌથી અજાણી પણ બધાએ થોડી થોડી માણી છે.
શ્વાસોમાં ધબકતી આ જિંદગી અમૂલ્ય રસપ્રદ કહાની છે.

◆ ◆ ◆



42 - ને પછી એવું થયું...

ને પછી એવું થયું કે,
રાત આખી તારાઓથી અંજાયેલી હતી,
અગાસી પર જાણે મનમોહક ચાંદની પથરાયેલી હતી.

ને પછી એવું થયું કે,
કોઈ સાચે આવી ને સ્પર્શી ગયું કે પછી ;
હવાના સ્પર્શ માં કોઈ મનગમતી મહેક છુપાયેલી હતી.
કે પછી કોઈ અનોખા નીરવ સંગીતમાં હું ખોવાયેલી હતી.

ને પછી એવું થયું કે,
અચાનક બંધ આંખોએ કરામત કરી જાણે;
મનમાં રહેલી છબી આબેહૂબ સામે જ રચાયેલી હતી,
જાણે આ મન નગરમાં એની સમગ્ર સૃષ્ટિ સર્જાયેલી હતી.
એ કોઈ અનેરી રીતથી મારા દરેક વિચારો માં વણાયેલી હતી.

ને પછી એવું થયું કે,
કવિતા અહી કોને આવડતી હતી ;
આ તો એક છબીને નીરખતા મનની વાત લખાયેલી હતી.
જાણે આ કવિતા અનેક લાગણીઓ થી ઘોળાયેલી હતી.
એ ચાંદનીમાં બસ આમ કૈક હૈયાની વાત પ્રસરાયેલી હતી.

ને પછી એવું થયું કે,
એને શબ્દો માં કેમ વર્ણવું, એ તો આ દુનિયાની સૌથી સુંદર અજાયબી હતી.
ભલે હોય કદાચ એ સ્વપ્ન તો પણ એ લાગણીઓ મનથી જીવાયેલી હતી.





43 - સંબંધ ગાથા

સંબંધો નિસ્વાર્થ રાખવા એવી પણ એક પ્રથા હોવી જોઈએ.
કોઈ હૈયામાં આપણી જરાક જગ્યા અમથા હોવી જોઈએ.
જ્યાં ન તો કોઈ દંભ કે દેખાવની વ્યથા હોવી જોઈએ,
ફક્ત નિખાલસ પ્રેમ અને સાદગીની કથા હોવી જોઈએ.
મનથી માણી શકાય ત્યાં સંબંધોની અનેરી ગાથા હોવી જોઈએ.



ખોબો ભરી લાગણીઓ મન મહી, સચવાય જ્યારે અકબંધ,
હૈયામાં હળવેક થી હાસ્ય છલકાય ત્યાં રચાય સાચો સંબંધ.


જીવન ની કિતાબ ખોલી શકાય જ્યાં, વર્ષો થી હતી જે બંધ,
મુશ્કેલીના સમયે પણ વિશ્વાસનો દોર અડગ રહે હારબંધ.

તેના થકી પ્રેમ અને સમજણ ની ફેલાતી રહે મન માં સુગંધ,
કહ્યા વગર મન ની ભાષા સમજે ત્યાં રચાય અમૂલ્ય સંબંધ.



સંબંધો પણ ઋતુઓની માફક !!
ક્યારેક વરસે તો ચોમાસું અનરાધાર,
ક્યારેક સુકાયેલા રણ જેવો ઉનાળો અપાર.
પણ આવે જ્યારે શિયાળાની શીતળ સવાર,
ઝાકળનાં મોતીઓ જેવી એ ઋતુ ગમે વારંવાર.





44 - ઘણા દિવસો બાદ...

સૂરજ ઉઠ્યો જાણે આળસ ખંખેરી;
આભ ના કમાડો ખુલ્યા,આજ ઘણા દિવસો બાદ.

એ કૂણો તડકો જાણે સૂરજનું હાસ્ય;
વાદળો વરસીને થાકયા,આજ ઘણા દિવસો બાદ.

પાંદડાં પર ઝળકે જાણે સોનેરી મોતી;
નવા રંગો ઓઢ્યા ફૂલોએ,આજ ઘણા દિવસો બાદ.

પંખીઓનાં સ્વરમાં જાણે તાજગીનો રાગ;
ઊગ્યું છે સુખમય પ્રભાત,આજ ઘણા દિવસો બાદ.

◆ ◆ ◆

45 - હાઈકુ (પ્રકૃતિ-સાર)

વ્યોમથી રવિ
વેરે હેમ કિરણો;
ઝાકળ મહી.



ઝાકળ મોતી
બેસી ને ફૂલો પર;
સુગંધ સીંચે.



સુગંધ ઝૂલે
તરુવર ની ડાળે;
પંખી ટહુક્યું.



પંખીનો સ્વર
'ને મોહન મોરલી;
સમાન ભાસે.



સમાન વેગે
સમીર તાજગી નો;
જીવન અર્પે.



જીવન ઉર્ફે
અનુભૂતિ ઈશ ની;
ધરાથી આભે.



ધરા આંગણે,
ચાંદની ઓગાળી ને;
માનવ જાગે.



માનવ જાગે,
સાચે જ હ્રદય થી?
કે આંખ ખોલે?



આંખનું તેજ
પ્રગટે ભીતર થી;
જીવન ખીલે.



જીવન ઉર્ફે
ચાલતાં રે'વું અહીં;
વ્યથા ફંગોળી.



વ્યથાની શાહી
ભરી હાસ્ય કલમે;
કવિતા સર્જે.



કવિતા ઉર્ફે
ચિત્ર મન નકશા નું;
ઊર્મિ થી રંગે.



આભાર

